૫૦૭

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન પ્રદાન કરનાર વ્યક્તિને **'પૂજય રવિશંકર મહારાજ'** એવોર્ડ એનાયત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૦૩/નબા–૨/અ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧/૧૨/૨૦૦૪

વંચાણે લીધાઃ– નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૨/૧૧/૨૦૦૩નો પત્ર ક્રમાંકઃવિજાક/જન/નબા/૨૦૦૩–૦૪/૨૯૧૬

ઠ રા વ :–

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ સહિત સમાજના નબળા વર્ગના ઉત્કર્ષ માટે તથા સામાજિક સમજદારીને પ્રોત્સાહન આપી સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન પ્રદાન કરનાર વ્યકિતને 'પૂજય રવિશંકર મહારાજ એવોર્ડ' આપવાની બાબત રાજય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે સરકારએ 'પૂજય રવિશંકર મહારાજ એવોર્ડ' માટે રૂા.૧.૦૦ લાખ તથા પ્રસંશાપત્ર આપવાનું ઠરાવેલ છે. આ એવોર્ડ આપવા માટેની પધ્ધતિ તથા નિયમો આ સાથે પરિશિષ્ટ 'અ' માં જણાવ્યા મુજબ નકકી કરવામાં આવેલ છે અને ચાલુ વર્ષે આ યોજના માટે અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂા.૧.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૨. આ અંગેનો ખર્ચ અદાજપત્રના સદર ૨૨૨૫ – અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાત વર્ગોનું કલ્યાણ –૦–૩ પછાત વર્ગોનું કલ્યાણ – ૮૦૦ અન્ય ખર્ચ, બી.સી.કે. – ૧૨૫–એ. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઈસમોને પૂજય રવિશંકર મહારાજ એવોર્ડ હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

—૨—

૩. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાને આ અંગે જરૂરી કાર્યવાહી કરવા આથી સૂચના આપવામાં આવે છે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ક્રમાંક :સશપ/૧૧૦૩/નબા-૭/અ ઉપર નાણાં વિભાગની તા.૧૧/૧૧/૨૦૦૪ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એસ.આર. ભુરીયા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માનનીય વિરોધ પક્ષના નેતા, ગુજરાત વિધાન સભા, ગાંધીનગર.
માનનીય મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા, સચિવાલય, ગાંધીનગર.
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, બ્લોક નં.૪/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
જિલ્લાઓના સર્વે નાયબ નિયામકશ્રીઓ, (વિકસતી જાતિ)
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિકસતી જાતિ)
સર્વે કલેકટરશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, 'બ' શાખા, સચિવાલય, ગાંધીનગર.
સિલેકટ ફાઈલ.

## પરિશિષ્ટ – અ

## સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન પ્રદાન કરનારને 'પુજય રવિશંકર મહારાજ એવોર્ડ' આપવાની યોજના

### યોજનાના નિયમો / પધ્ધતિ

વિકસતી જાતિના લોકોને સામાજિક ન્યાય અને માનવ અધિકારો પ્રાપ્ત કરાવવા તથા પછાત વર્ગોમાં જાગૃતિ લાવવા અને તેમના જીવનમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરીને રૂઢીગત પ્રથાઓ તથા પ્રણાલીઓમાંથી બહાર લાવી તેઓને શૈક્ષણિક, આર્થિક તેમજ સામાજીક ક્ષેત્રે અન્ય સમાજની હરોળમાં લાવવા માટે યોગદાન આપનારને 'પૂજય રવિશંકર મહારાજ-એવોર્ડ' આપવામાં આવશે.

### ૨. એવોર્ડની શરતો :–

(૧) આ એવોર્ડ માટે રૂા.૧,૦૦,૦૦૦/– ની રોકડ રકમ તથા એક પ્રસંશાપત્ર આપવામાં આવશે. એવો ર્ડની રકમનું વિતરણ ચેક દવારા કરવામાં આવશે.
(૨) આ એવોર્ડ વ્યકિતને આપવામાં આવશે. એવોર્ડને પાત્ર ઠરેલ વ્યકિતને એવોર્ડ વિતરણ સમારંભમાં હાજર રહેવા આમંત્રણ આપવામાં આવશે.
(૩) આ એવોર્ડ ધર્મ, જ્ઞાતિ કે જાતિને ધ્યાનમાં લીધા સિવાય સમાજની કોઈપણ વ્યકિતને આપવામાં આવશે પરંતુ વિકસતી જાતિની વ્યકિતને અગ્રતા આપવામાં આવશે.
(૪) આ એવોર્ડ દર વર્ષે આપવામાં આવશે અને વર્ષ તરીકે નાણાંકીય વર્ષ ધ્યાનમાં લેવામાં આવશે.
(૫) જો કોઈ વર્ષ આ એવોર્ડ કોઈપણ સંસ્થાને આપવામાં ન આવે તો તે વર્ષ પુરતું આ એવોર્ડ મુલતવી રાખવામાં આવશે.
(૬) એવોર્ડ એનાયત કરવાનો તમામ ખર્ચ રાજય સરકાર ભોગવશે.
(૭) રાજય સરકાર નકકી કરે તે મહાનુભાવના વરદ હસ્તે આ એવોર્ડ એનાયત કરાશે.

U12



છેલ્લા દસ વર્ષમાં વ્યકિતએ વિકસતી જાતિ તથા સમાજના નબળા વર્ગના લોકોના ઉત્કર્ષ માટે આપેલ યોગદાનને એવોર્ડ આપવા માટે ધ્યાનમાં લેવામાં આવશે તેમ છતાં અગાઉ આવી વ્યકિતએ વિકસતિ જાતિ સમેત સમાજના નબળા વર્ગના ઉત્કર્ષ માટે કોઈ મહત્વનું યાદગાર યોગદાન આપેલ હોય તો તે ધ્યાનમાં લેવામાં આવશે.

૩. <u>એવોર્ડ માટે ભલામણ કરવાની વિધિ</u> :–

(૧) આ એવોર્ડ માટે નીચેની વ્યકિત ભલામણ કરી શકશે.

અ) સમાજ કલ્યાણ તથા સામાજિક કાર્યના ક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યકિત.

બ) સંસદ સભ્યો / વિધાનસભા સભ્યો, રાજ્યની વડી અદાલતના ન્યાયાધીશો.

ક) રાજ્ય, રાષ્ટ્ર કે આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે એવોર્ડ પ્રાપ્ત કરનાર વ્યકિત.

ડ) યુનિવર્સિટીના ઉપ કુલપતિ.

ઈ) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિ આવા એવોર્ડ માટે ભલામણ કરવા નકકી કરે તેવી કોઈપણ વ્યકિત.

(૨) કોઈપણ વ્યકિત પોતાના નામની એવોર્ડ માટે ભલામણ કરશે તો તે ધ્યાન ઉપર લેવામાં આવશે નહી.

(૩) ઉપર જણાવેલ વ્યકિતઓ એક જ નામની ભલામણ કરી શકશે.

(૪) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિના સભ્યો કોઈ વ્યકિતની ભલામણ કરી શકશે નહી.

૪. <u>એવોર્ડ આપવા માટેની તારીખ</u> :–

'પૂજ્ય રવિશંકર મહારાજ એવોર્ડ ' માટે દર વર્ષે નવેમ્બર મહીનાના પ્રથમ સપ્તાહમાં લેખિત સ્વરૂપે અગ્રગણ્ય દૈનિક પત્રોમાં જાહેરાત આપીને આ સાથેના અરજી પત્રકમાં દરખાસ્તો મંગાવવામાં આવશે. જે તે વર્ષની ૧૫મી ડિસેમ્બર સુધીમાં મળેલ દરખાસ્તો/ભલામણો એવોર્ડ નિર્ણાયક સમિતિ

ધ્યાનમાં લેશે. 'પૂજ્ય રવિશંકર મહારાજ એવોર્ડ' દર વર્ષે તેઓશ્રીના જન્મ દિવસ (મહા શિવરાત્રી)ના રોજ આપવામાં આવશે.

## ૫. એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિ

૧) એવોર્ડ માટે વ્યકિતની પસંદગી કરવા માટે રાજ્ય સરકાર દવારા નીચે જણાવેલ સભ્યોની એક સલાહકાર સમિતિ રચવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧. | મંત્રીશ્રી,સામાજીક ન્યાય અને અધિકારીતા | અધ્યક્ષ |
| ૨. | વિકસતિ જાતિના એક સંસદ સભ્યશ્રી અથવા ધારા સભ્યશ્રી | સભ્ય |
| ૩. | સમાજના નબળા વર્ગોના ઉત્કર્ષ માટે કામ કરેલ હોય તેવી કોઈ એક વ્યકિત | સભ્ય |
| ૪. ) અને ) ૫. ) | જાહેર જીવન સાથે સંકળાયેલ બે પ્રતિષ્ઠિત વ્યકિતઓ | સભ્ય |
| ૬. | અધિક મુખ્ય સચિવશ્રી/સચિવશ્રી (વિભાગના) | સભ્ય |
| ૭. | નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ. | સભ્ય સચિવ |

૨) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતની મુદત ૩ વર્ષની રહેશે.

૩) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતએ તેનો નિર્ણય બહુમતીના ધોરણે લેવાનો રહેશે અને જ્યાં મત સરખા વિભાજીત થતા હોય ત્યારે ચેરમેનનો મત નિર્ણાયક રહેશે.

૪) એવોર્ડ માટે દરખાસ્તો મેળવવાની તેની સમગ્ર ચકાસણી કરી આ અંગેની તમામ વિગતો તૈયાર કરવાની કામગીરી સભ્ય સચિવ તરીકે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે કરવાની રહેશે.

૫) નિર્ણાયક સમિતિ એવોર્ડ માટે તેને મળેલ દરખાસ્તો પર વિચારણા કરી જે તે વ્યકિતને એવોર્ડ આપવા યોગ્ય હોય તેની જાણ સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા, બ્લોક નં.૫, ૮મે માળ,

૫૧૫



સચિવાલય, ગાંધીનગરને કરવાની રહેશે. જે આધારે રાજય સરકાર એવોર્ડ આપવાની કાર્યવાહી કરશે.

૬) નિર્ણાયક સમિતિની કાર્યવાહી લેખિતમાં અને ગુપ્ત રાખવાની રહેશે.

૭) નિર્ણાયક સમિતિના નિર્ણય બાબતે કોઈ વિરોધ કે દાદ ફરિયાદ ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૮) આ એવોર્ડ ખાસ સમારંભમાં ગાંધીનગર / અમદાવાદ ખાતે આપવામાં આવશે.

**સામાન્ય :–**

૧. આ નિયમોમાં ફેરફાર કરવાની સત્તા રાજય સરકારને રહેશે.

૨. એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિને તેના કાર્યો સંબંધમાં પેટા નિયમો બનાવવાની અને તેને અનુકુળ હોય તેવી વિધિ અનુસરવાની સત્તા રહેશે. પરંતુ તે માટે રાજય સરકારની ઔપચારિક અનુમતિ મેળવી લેવાની રહેશે.

415

## ગુજરાત સરકાર
## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન પ્રદાન કરનાર વ્યકિતને **'પુજય રવિશંકર મહારાજ એવોર્ડ'** આપવાની યોજનાનું અરજી પત્રક :

૧. વ્યકિતનું નામ :–

૨. સરનામું :–

૩. સમાજ કલ્યાણના કયા ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન કરેલ છે. :–

૪. પ્રવૃતિઓ :–

૫. મેળવેલ સિધ્ધિઓ :–
પ્રમાણપત્રો :–

૬. વિશિષ્ટ કામગીરી અને કાર્યક્ષેત્ર:–

૭. કેટલા વર્ષથી આવી પ્રવૃતિમાં જોડાયેલ છો ? :–

૮. વિશેષ નોંધ :–

સ્થળ :–
તારીખ:–

સહી/–
(                    )